સવાલ સાથે
જવાબ પેપર

## વાર્ષિક પરીક્ષા **મહિલામંડળ** નું પેપર

તા. ૦૭-૦૧-૨૦૧૮ ● સમય: સવારે ૯ થી ૧૨ ● શ્રેણી: **13** ● ગુણ: ૧૦૦

**Dharmik Shikshan Board Certificate Course Level : 1**

**પ્ર.:૧ દશવૈકાલિક સૂત્રના આધારે લખો : ૨૫**

**ક) સવાલના જવાબ લખો : (૧૦)**

૧) જે પોતાની ઇન્દ્રિયો અને મનનું દમન કરે છે તે જ સાધુ કહેવાય કે ફક્ત ગાથા લખો.

**જ:** ૧) મહુગાર સમા બુધ્ધા જે ભવંતિ અણિસ્સિયા ।
ણાણાપિંડરયા દંતા તેણ વુચ્ચંતિ સાહુણો ।। ત્તિબેમિ ।।

૨) આપણે ગંધન સર્પ સમાન ન થઈએ તે ગાથા લખો.

**જ:** ૨) અહં ચ ભોગરાયસ્સ, તંચ સિ અંધગવ ણિહણો
માકુલે ગંધણા હોમો, સંજમં ણિહુઓ ચર ।।

૩) ત્રીજા અધ્યયનનું નામ શું છે ? તેમાં કેટલા અનાચાર બતાવ્યા છે ?

**જ:** ૩) ત્રીજા અધ્યયનનું નામ ક્ષુલ્લકાચાર (ખુડ્ડિયાચારઝા) અધ્યયન છે. તેમા ૫૨ અનાચાર બતાવ્યા છે. તેમા સચેતને લગતા ૩૨ થી ૪૪ એટલે ૧૩ છે.

૪) ખરેખર ત્યાગ કોને કહેવાય ?

**જ:** ૪) જે કમનીય અને પ્રિય ભોગો મળવા છતાં પણ સ્વાધીનપણે પોતાની મરજીથી તે ભોગો તરફથી નજર વાળી લઈ તેનો ત્યાગ કરે છે. તેજ ખરેખર ત્યાગી કહેવાય.

૫) ઉત્કૃષ્ટ મંગલ કયું છે ? અને દેવો કોને નમસ્કાર કરે છે ?

**જ:** ૫) અહિંસા, સંયમ અને તપરૂપી ધર્મજ સર્વ મંગલોમાં ઉત્કૃષ્ટ મંગલ છે. જેનું મન સદા ધર્મમાં લીન રહે છે. તેને દેવોપણ નમસ્કાર કરે છે.

**ખ) ગાથા પૂર્ણ કરો. ભાવાર્થ લખો. (કોઈ પણ ત્રણ) (૧૨)**

૧) આયાવયાહિ ........

**જ:** ૧) આયાવયાહિ ચય સોગમલ્લં કામે કમાહિ કમિયં ખુ દુક્ખં ।
છિંદાહિ દોસં વિણઈજ્જ રાગં એવં સુહી હોહિસિ સંપરાએ ।।
મનને વશ કરવા હે શિષ્ય । તું આતાપના લે સુકુમારપણાને છોડ.
એમ કામવાસનાને ઓળંગી જા અર્થાત દાબી દે નહીતર તો ખરોખર આ લોક - પરલોક માં દુ:ખી થઈશ. દ્વેષને છેદ, રાગને દૂર કર એમ સંસારમાં સુખી થઈશ.

૨) ઉદ્દેસિયં ........

**જ:** ૨) ઉદ્દેસિયં કીયગડં ણિયાગમભિહડાણિ ય ।
રાઈભત્તે સિણાણે ય, ગંધમલ્લે ય વીયણે ।।
ઉદ્દેસિયં - સાધુને ઉદ્દેશીને બનાવેલ આહારાદિ ૨) કીયગડં - સાધુ નિમિતે વેચાતું લાવીને કોઈ આપે ૩) ણિયાગં આમંત્રણ આપનારના આહાર લે ૪) અભિહડાણિ - સાધુ નિમિતે ઘરે થી કે ગામથી સામેથી લાવીને આપે. ૫) રાઈભત્તે - રાત્રિ ભોજન ૬) સિણાણે - સ્નાન વિ. ૭) ગંધ - સુગંધી ચીજો વાપરવી ૮) મલ્લં - ફૂલની માળા વગેરે પહેરવા ૯) વીયણે - વીંઝણો પંખા આદિથી પવન ખાવો.

૩) એમે એ ........

**જ: ૩) એમે એ સમણા મુત્તા જે લોએ સંતિ સાહુણો ।**
**વિહંગમા વ પુપ્ફેસુ દાણભત્તેસણે રયા ।।**
તે જ પ્રકારે લોકમાં જે મુક્ત શ્રમણો સાધુ છે તે દાતા પાસેથી એષણિક (૪૨ દોષ રહિત) આહારપાણી શોધવામાં રક્ત (લીન) રહે છે . જેમ ભમરો પુષ્પોના રસમાં રક્ત (લીન) રહે છે .

૪) દુક્કરાઈ ........

**જ: ૪) દુક્કરાઈ કરિત્તાણં દુસ્સહાઇ સહિતુ ય ।**
કેઈત્થ દેવલોએસુ કેઈ સિજ્ઝંતિ ણીરયા ।।
આમ આ દુષ્કર ક્રિયા કરીને દુ:સહ્ય કષ્ટો સહન કરીને કેટલાક મહાત્માઓ દેવલોકમાં ઉપજે છે તો કેટલાક સાધુઓ સર્વકર્મ ક્ષય કરી સિધ્ધ થાય છે .

**ગ) શબ્દોના અર્થ લખો : (૩)**

**જવાબ**

૧) પરિણિવ્વુડા - નિવાર્ણ ને પામ્યા
૨) દિચ્છસિ - દેખીશ
૩) પીણેઈ - તૃપ્ત કરે છે .
૪) તાઈણો - છકાયના રક્ષક મુનિવર
૫) સિંગબેરે - આદુ
૬) ઉવહમ્મઈ - હિંસા, વિરાધના

**પ્ર.: ૨ સામાયિક અને પ્રતિક્રમણના આધારે જવાબ લખો : ૧૦**

૧) પૂર્વ અર્ધપુષ્કરના મહાવિદેહ ક્ષેત્રમાં કઈ કઈ વિજયમાં કયા કયા વિહરમાન તીર્થંકર બિરાજે છે ? વિજયના નંબર અને તીર્થંકરના નામ લખો .

**જ: ૧) પૂર્વ અર્ધપુષ્કરના મહાવિદેહ ક્ષેત્રની ૮, ૯, ૨૪, ૨૫ મી વિજયમાં ૧૩ માં ચંદ્રાનનસ્વામી, ૧૪ માં ભુજંગદેવસ્વામી, ૧૫ માં ઇશ્વરસ્વામી અને ૧૬ માં નેમપ્રભસ્વામી વિહરમાન રૂપે બિરાજે છે .**

૨) પ્રમાદ અને આળસમાં શં ફરક છે ?

**જ: ૨) પ્રમાદ એટલે મૂર્ચ્છા, મોહનો ભાવ, આત્માના લક્ષ સિવાયની દરેક પ્રવૃત્તિ પ્રમાદ કહેવાય છે . પરમા આનંદ માનવો તે પ્રમાદ છે જે સમયે જે કાર્ય કરવાનું હોય તેમાં શક્તિ / સામર્થ્ય હોવા છંતા વિલંબ કરવો કે વીર્ય ફોરવવું નહી તે આળસ છે .**

૩) ૧૮ પાપના ભંગ (ભેદ) કેટલા ? કેવી રીતે ?

**જ: ૩) ૧૮ પાપને કરવું, કરાવવું, અનુમોદવુ એ ત્રણથી ગુણાતા ૧૮ × ૩ એમ ૫૪ થાય તે ૫૪ ને મન, વચન થી અને કાયાથી એમ ૩ વડે ગુણાતા ૫૪ × ૩ એમ ૧૬૨ ભેદ થાય .**

૪) અર્થ લખો : ૧) ઉગ્ઘાડણાએ ૨) પરમાહમ્મિએહિં ૩) સંતાણા ૪) મક્ખય

**જ: ૪) ૧) પુરા ખોલીન ૨) પરમાધામીઓથી ૩) કરોળિયાના જાળા ૪) ક્ષયરહિત - અક્ષય**

૫) માગધી લખો : ૧) સ્તુતિ કરાયેલા ૨) મિથ્યાભાવે કરેલી ૩) નિદાન રહિત છું ૪) ધૈર્યરૂપ .

**જ: ૫) ૧) અભિથુઆ ૨) મિચ્છાએ ૩) અનિયાણો ૪) ધિજ્જં**

**પ્ર.: ૩ નિયંઠાના આધારે :** **૨૫**

**જ: ક) નીચેનામાં કોઈ પણ બે દ્વાર લખો : (૫)**

**સાથે** ૧) કષાય દ્વાર : પ્રથમ ૩ નિયંઠામાં સંજ્વલન કષાય હોવાથી સકષાયી, કષાયકુશીલમાં સંજ્વલન કષાય ૪-૩- ૨ -૧ નિર્ગ્રંથ અકષાયી (ઉપશાંત કે ક્ષીણ), સ્નાતક ક્ષીણ અકષાયી.

૨) સંયમસ્થાન દ્વાર : પ્રથમ ચાર નિયંઠામાં અસંખ્યાતા સંયમસ્થાન છે. નિગ્રંથ અને સ્નાતકમાં સંયમસ્થાન એક જ છે.
અલ્પબહુત્વ : સૌથી થોડા નિર્ગ્રંથ અને સ્નાતકનાં સંયમસ્થાન તેથી પુલાકના સંયમસ્થાન અસંખ્યાતગણા. તેથી બકુશના સંયમસ્થાન અસંખ્યાતગણા તેથી પડિસેવણાના સંયમસ્થાન અસં. ગણા તેથી કષાય કુશીલના સંયમસ્થાન અસંખ્યાત ગણા.

૩) ઉપસંપજ્ઝાણં દ્વાર : પુલાક પુલાકપણાને છોડીને કષાયકુશીલ માં કે અસંયમમાં જાય. બકુશવાળો પડિસેવણા, કષાયકુશીલમાં, અસંયમમાં કે સંયમાસંયમમાં જાય. પડિસેવણાવાળો બકુશ, કષાયકુશીલમાં, અસંયમમાં કે સંયમાસંયમ માં એ ૪ માં જાય. કષાયકુશીલવાળો પુલાક, બકુશ, પડિસેવણા, અસંયમ, સંયમાસંયમ કે નિર્ગ્રંથ માં જાય નિર્ગંથ કષાયકુશીલ, સ્નાતક કે અસંયમમાં જાય. સ્નાતક મોક્ષમાં જાય.

**ખ) નીચેના સવાલના જવાબ લખો : (૧૦)**

૧) પ્રથમ ત્રણ નિયંઠા શા માટે અવેદી નથી ? તેના ગુણસ્થાનક કયા કયા ?

**જ:** ૧) પ્રથમ ત્રણ નિયંઠામાં શ્રેણી નથી માટે અવેદી નથી. શ્રેણી ૮ માં ગુણ થી મંડાય ને જીવ ૯ ગુણના અંતમાં અવેદી બને છે. પુલાકનું ગુણ ૬ઠું બકુશ અને પડિસેવણાનું ગુણ. ૬ - ૭ છે.

૨) દેવતામાં પદવી કેટલી ? નામ લખો.

**જ:** ૨) દેવતામાં પદવી પાંચ છે ૧) ઇન્દ્ર, ૨) સામાનિક ૩) ત્રામસ્ત્રિંશક ૪) લોકપાલ ૫) અહમેન્દ્ર.

૩) આભોગ - અણાભોગ, સંવુડા - અસંવુડાનો ભેદ સમજાવો.

**જ:** ૩) આભોગ એટલે જાણવા છતાં પણ છે દોષ લગાડે. (શરીર ઉપકરણ આદિને સુશોભિત કરવા સાધુને અયોગ્ય્ છે. એમ જાણવા છતાં સુશોભિત કરે.
આભોગ - જાણવા છતાં દોષ લગાડે.
અનાભોગ-અજાણતા દોષ લગાડે
સંવુડા-છાના દોષ લગાડે
અસંવુડા-પ્રગટ દોષ લગાડે

૪) નિયંઠા કયા સૂત્રનો અધિકાર છે ? અને તેની બીજી ગાથા લખો.

**જ:** ૪) નિયંઠા શ્રી ભગવતી સૂત્ર શ૨૫, ઉં. ૬ નો અધિકાર છે. તેની બીજી ગાથા જોગુવઓગ કસાએ લેસ્સા પરિણામ બંધ વેદેય ।
કમ્મોદીરણ ઉવસંપજહણ સન્ના ય આહારે ।।૨ ।।

૫) કયા નિયંઠા તીર્થમાં હોય ? અને કયા નિયંઠા અતીર્થમાં હોય ?

**જ:** ૫) તીર્થમાં ૬ એ નિયંઠા હોય. અતીર્થમાં કષાયકુશીલ-નિગ્રથ અને સ્નાતક ત્રણ જ નિયંઠા હોય.

**ગ) વ્યાખ્યા લખો :** **(૫)**

**જ :** ૧) લબ્ધિ પુલાક : કોઈ ચક્રવર્તિ આદિ જૈન શાસનની અશાતના કરે તો તેની સેના આદિને સજા કરવા માટે અથવા સંઘ આદિના વિશેષ કાર્યના નિમિતથી લબ્ધિનો પ્રયોગ કરે.

૨) અપરિસ્સવી : કર્મ બંધના પ્રવાહથી રહિત એવા અબંધક

૩) જિન કલ્પ : જે સંઘ કે સમૂહમાં ઉપાશ્રયમાં રહેલા નથી શિષ્યા આદિ બનાવતા નથી પર્વત-ગુફા આદિમાં રહે છે. જઘન્ય-૨ અને ઉત્કૃષ્ટ ૧૨ ઉપકરણ રાખે.

૪) ભાવલિંગ : જ્ઞાન-દર્શન ચારિત્રરૂપ અરિહંત પ્રરૂપિત ધર્મનું પાલન કરવાવાળામાં જ હોય છે.

૫) પડિસેવણા કુશીલ : ખળાની ઊપણલી શાળ જેવા પ્રતિસેવના કુશીલ છે. પરિસ્થિતિ વશ મૂળગુણ અને ઉત્તરગુણોની વિરાધનાથી જેનું ચારિત્ર દૂષિત થયું હોય તેને પડિસેવના કુશીલ કરે છે.

**ઘ) ખાલી જગ્યા પૂરો :** **(૫)**

૧) નિગ્રંથમાં .......... લેશ્યા અને .......... કર્મ બાંધે.

**જ :** ૧) નિગ્રંથમાં શુક્લ લેશ્યા અને શાતાવેદનીય કર્મ બાંધે.

૨) સ્નાતક .......... અને .......... કર્મની ઉદીરણા કરે.

**જ :** ૨) સ્નાતક નામ અને ગોત્ર કર્મની ઉદીરણા કરે.

૩) બકુશ અને પડિસેવણાના જ. ચારિત્ર પર્યવ પરસ્પર .......... અને ...........

**જ :** ૩) બકુશ અને પડિસેવણાના જ. ચારિત્ર પર્યવ પરસ્પર તુલ્ય અને અનંતગુણા.

૪) સ્નાતક .........., .........., .......... ચોખા જેવા ચારિત્રવાળા.

**જ :** ૪) સ્નાતક શુદ્ધ, અખંડ, સુગંધિત ચોખા જેવા ચારિત્રવાળા.

૫) કષાયકુશીલને શ્રુતજ્ઞાન આશ્રી જઘ ......... અને ઉ. ......... નું જ્ઞાન હોય છે.

**જ :** ૫) કષાયકુશીલને શ્રુતજ્ઞાન આશ્રી જઘ અષ્ટ્રપ્રવચનમાતા અને ઉ. ૧૪ પૂર્વ નું જ્ઞાન હોય છે.

**પ્ર.: ૪ સંજયાના આધારે :** **૨૫**

**જ : ક) સંજયાનાકોઈ પણ બે દ્વાર લખો.** **(૫)**

**સાથે** ૧) અંતર દ્વાર : એક જીવ અપેક્ષા પાંચ સંયતિનું અંતર જઘ અંત-ઉત્-દેશઊણા અર્ધપુદ્ગલ પરાવર્તન કાળ.

ઘણા જીવ અપેક્ષા સામાયિક યથાખ્યાત ચારિત્રનું અંતર ન પડે. કારણ કે બંને ચારિત્ર શાશ્વતા છે. ઘણા જીવ અપેક્ષા છેદો નું જઘ અંતર ૬૩૦૦૦ વર્ષ પરિહારવિશુધ્ધ નું જ. અંતર ૮૪૦૦૦ વર્ષનું અને બંનેનું ઉત્કૃષ્ટ અંતર દેશઉણા ૧૮ ક્રોડાકોડ સાગરોપમનું ઉ. ઘણા જીવ અપેક્ષા સૂક્ષ્મસંપરાયમાં જઘ. ૧ સમયનું ઉત્. ૬ માસ નું અંતર પડે.

૨) ભવ દ્વાર : સામાયિક અને છેદો ના જ. ૧ ઉ ૮ ભવ કરે. પરિ તથા સૂક્ષ્મ ના જ. ૧ ઉ. ૩ ભવ કરે યથા. જ. ૧ ભવ ઉ ૩ ભવ કરીને કે તે જ ભવે મોક્ષે જાય.

૩) અલ્પબહુત્વ દ્વાર : સૌથી થોડા સૂક્ષ્મ સંપરાય ચારિત્રવાળા તેથી પરિહાર વિશુધ્ધ ચારિત્રવાળા સંખ્યાતગુણા તેથા યથાખ્યાત ચારિત્રવાળા સંખ્યાતગુણા તેથી છેદોપસ્થાપનીય ચારિત્રવાળા સંખ્યાતગુણા તેથી સામાયિક ચારિત્રવાળા સંખ્યાતગુણા.

**ખ) નીચેનાના અર્થ લખો : (૨)**

**જવાબ**

| | | | |
|---|---|---|---|
| ૧) | ઇત્વરિક | – | સ્વલ્પકાળના |
| ૨) | નિર્વિશકાયિક | – | વૈયાવચ્ચ કરવાવાળા |
| ૩) | યાવત્કથિક | – | જીવજીવના |
| ૪) | પજ્જવા | – | પર્યવ |

**ગ) ફક્ત આંકડામાં જવાબ આપો : (૩½)**

૧) યથાખ્યાત ચારિત્રના ગુણસ્થાનક.

**જ:** ૧) ૧૧ થી ૧૪ – ૪ ગુણસ્થાનક

૨) સામાયિક ચારિત્રમાં લેશ્યા.

**જ:** ૨) (૬) લેશ્યા

૩) ઘણા ભવ આશ્રી સૂક્ષ્મ સંપરાય કેટલી વાર આવે ? જ. ઉ. બંને લખો.

**જ:** ૩) જ. ૨ વાર ઉ. ૯ વાર

૪) છેદોપસ્થાનીય ચારિત્રની ઘણા જીવ આશ્રી જઘન્ય ઉત્કૃષ્ટ સ્થિતિ.

**જ:** ૪) જ. ૨૫૦ વર્ષ, ઉ. ૫૦ લાખ ક્રોડ સાગર વર્ષ

૫) ઇત્વરિક સામાયિક ચારિત્રનો ઉત્કૃષ્ટ સમય.

**જ:** ૫) ૬ માસ

૬) પરિહાર વિશુદ્ધ ચારિત્રમાં કલ્પ.

**જ:** ૬) ૩ કલ્પ

૭) છદ્મસ્થ વીતરાગના ગુણસ્થાનક કેટલા ?

**જ:** ૭) ૧૧, ૧૨ મું

**ઘ) સમજાવો : (૧૨)**

૧) ક્યારે જીવ સામાયિક ચારિત્ર છોડીને છેદોપસ્થાપનીયમાં જાય ને ક્યારે જીવ છેદોપસ્થાપનીય ચારિત્ર છોડીને સામાયિક ચારિત્રમાં જાય ?

**જ:** ૧) પાર્શ્વનાથના શાસનના સાધુ મહાવીર સ્વામિના શાસનમાં દીક્ષા લે ત્યારે. સામાયિક ચારિત્ર છોડીને છેદોપસ્થાપનીયમાં જાય.

૨) યથાખ્યાત ચારિત્ર ઘણા ભવ આશ્રી ૨ (બે) વાર ને ૫ (પાંચ) વાર કઈ રીતે આવે ?

**જ:** ૨) એક ભવમાં ઉપશમ શ્રેણી માંડે ને બીજા ભવમાં ક્ષપક શ્રેણી માંડે તો જ. ૨ વાર આવે તેથી ઘણા ભવ અપેક્ષાએ જ ૨ વાર યથાખ્યાત ચારિત્ર આવે. તે જ રીતે યથાખ્યાત ચારિત્ર ના ઉત્કૃષ્ટ ૩ ભવ હોવાથી એક ભવમાં બે વાર ઉપશમ શ્રેણી, અન્ય ભવમાં બે વાર ઉપશમ શ્રેણી અને અન્ય ત્રીજા ભવમાં ૧ વાર ક્ષપક શ્રેણી એમ ઘણા ભવ આ શ્રી ૨ + ૨ + ૧ = ૫ વાર ઉત્કૃષ્ટ યથાખ્યાત ચારિત્ર આવે.

૩) સૂક્ષ્મસંપરાય ચારિત્રમાં કયા વેદ ન હોય ? શા માટે ?

**જ:** ૩) સૂક્ષ્મસંપરાય માં સ્ત્રીવેદ પુરૂષ વેદ કે નપુંસક વેદ ન હોય. કારણ કે સૂક્ષ્મસંપરાયનું ૧૦ મું ગુણસ્થાનક છે જીવ ૯ માં ગુણ ના અંતમાં અવેદી બની જાય છે તેથી.

૪) છેદોપસ્થાપનીય ચારિત્રનું જઘન્ય અંતર ૬૩૦૦૦ વર્ષ કઈ રીતે થાય ?

**જ:** ૪) અવસર્પિણી કાળના પાંચમાં આરાના છેડા સુધી છેદોપસ્થાપનીય ચારિત્ર હોય પછી છઠ્ઠા આરામાં તેમજ ઉત્સર્પિણી કાળના પ્રથમ અને બીજી આરામાં છેદો. ચારિત્ર ન હોય એ ત્રણે ૨૧,૦૦૦ વર્ષ ના આરા છે. માટે જઘ. અંતરનો કાળ ૨૧૦૦૦ × ૩ = ૬૩૦૦૦ વર્ષનો થાય.

૫) સંકલેશ અને વિશુદ્ધ પરિણામ એટલે શું ?

**જ:** ૫) સંકલેશ પરિણામ તે ઉપશમ શ્રેણીથી પડનારા અને વિશુદ્ધ પરિણામ તે ઉપશમ અને ક્ષપક શ્રેણી પર ચડનારા.

૬) સંજયાનો બંધ દ્વાર લખો.

**જ:** ૬) સંજયાનો બંધ દ્વાર : પ્રથમ ત્રણ સંયતિ ૭-૮ કર્મનો બંધ કરે. સૂક્ષ્મ . ૬ કર્મનો બાંધે (માટે આયુ વર્જીને) યથા. કર્મ બાંધે તો શાતાવેદનીય અથવા અબંધ અને ઋષભદેવ શાસનના સાધુ અજીતનાથ પ્રભુના શાસનમાં દીક્ષા લે ત્યારે છેદોપસ્થાપનીય ચારિત્ર છોડીને સામાયિક ચારિત્રમાં જાય.

**ચ) જોડકાં જોડો :** **(૨½)**

| | | | | જવાબ |
|---|---|---|---|---|
| ૧) | પરિહાર વિશુદ્ધ ચારિત્ર | ૧) | તીર્થમાં | પુરૂષ વેદી |
| ૨) | સામાયિક ચારિત્ર | ૨) | સાકાર ઉપયોગ | તીર્થમા |
| ૩) | છેદોપસ્થાપનીય ચારિત્ર | ૩) | અણાહારક | ૫ કલ્પ આપે |
| ૪) | સૂક્ષ્મ સંપરાય ચારિત્ર | ૪) | ૫ કલ્પ આપે | સાકાર ઉપયોગ |
| ૫) | યથાખ્યાત ચારિત્ર | ૫) | પુરૂષ વેદી | અણાહારક |

**પ્ર. : ૫ ભક્તામરના આધારે :** **૧૫**

**ક) કોઈ પણ બે ગાથા લખો (ભાવાર્થ સાથે)** **(૮)**

૧) યઃ સંસ્તુત .........

**જ:** ૧) યઃ સંસ્તુતઃ સકલ વાઙમય તત્વ બોધા
દુદ્ભૂત બુધ્ધિ પટુભિ સુરલોક નાથૈઃ ।
સ્તોત્રૈ ર્જગત્રિતય ચિત હરૈઃ રૂદારૈઃ
સ્તોષ્યે કિલાહમપિ તં પ્રથમં જિનેન્દ્રમ્ ।।

સમસ્ત શાસ્ત્રોના તત્વ જ્ઞાનથી ઉત્પન્ન થયેલી નિપુણ બુધ્ધિ વડે ત્રણ લોકના ચિતનુ હરણ કરનારા અને મહાન અર્થવાળા એવા સ્તોત્રો વડે ચતુર એવા દેવોના ઇન્દ્રોએ પણ જેમની સારી રીતે સ્તુતિ, સ્તવના કરેલી છે. એવા પહેલા તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનની હું પણ સ્તુતિ -સ્તવના કરીશ.

૨) આસ્તાં .........

**જ : ૨) આસ્તાં તવ સ્તવનમસ્ત સમસ્ત દોષમ્**
ત્વસંકથાડપિ જગતાં દુરિતાનિ હન્તિ ।
દૂરૈ: સહસ્ત્ર કિરણા કુરુતે પ્રભૈવ
પદ્માકરેષુ જલજાનિ વિકાસ ભાંજિ ।।

સમસ્ત પાપોના નાથ કરનારૂ તમારૂ સ્તવન તો દૂર રહો પણ આપના ચારિત્રની રૂડી કથા માત્ર ત્રણે જગતના જીવોના પાપોને હણી નાખે છે . તે જેમ સૂર્ય તો દૂર હોય છે . છતાં માત્ર તેની પ્રભાજ સરોવરમાં રહેલા પદ્મકમળોને વિકસાવે છે તેમ .

૩) દ્રષ્ટવા .........

**જ : ૩) દ્રષ્ટવા ભવન્તમનિમેષ વિલોકનીયં**
નાન્યત્ર તોષમુપયાતિ જનસ્ય ચક્ષુ: ।
પીત્વા પય: શશિકર દ્યુતિદુગ્ધ સિન્ધો :
ક્ષારં જલં જલ નિધેરસિતું ક ઇચ્છેત ? ।।

અનિમેષ દ્દષ્ટ્રિ વડે અવલોકવારૂપ આપના સ્વરૂપને એકવાર જોયા પછી મનુષ્યના ચક્ષુઓ બીજે સંતોષ પામતા નથી . ચંદ્રની ચાંદની સમાન ઉજ્જવળ અને મધુર ક્ષીર સમુદ્રનું દુધ પીધા પછી લવણ સમુદ્રનું ખારૂં પાણી પીવાની ઇચ્છા કોણ કરે ? (કોઈ જ ન કરે)

**ખ) નીચેની ગાથાઓ લખો : (૪)**

૧) દેવોએ પણ જેનું પાદપીઠ પૂજ્યું છે .

**જ : ૧) બુદ્ધયા વિનાડપિ વિબુધાર્ચિત પાદપીઠ**
સ્તોતું સમુદ્યત મતિર્વિગતત્રપોડહમ્ ।
બાલં વિહાય જલ – સંસ્થિત મિન્દુબિમ્બ
મન્ય કઇચ્છતિ જન: સહસા ગ્રહીતુમ ।।

૨) કમળપત્ર ઉપર પડેલું જળબિંદુ મોતી જેવી શોભાને ધારણ કરે .

**જ : ૨) મત્વેતિનાથ ! તવ સંસ્તવનં મયેદ,**
મારભ્યતે તનુધિયાડપિ તવ પ્રભાવાત્ ।
ચેતો હરિષ્યતિ સતાં નલિની દલેષુ
મુક્તાફલ દ્યુતિમુપૈતિ નનૂદ બિન્દુ: ।।

**ગ) અર્થ લખો : (૩)**

| | | | **જવાબ** |
|---|---|---|---|
| ૧) | દલિત | – | નાશ કરનાર |
| ૨) | ઇન્દુ | – | ચંદ્રના |
| ૩) | ક્ષમ: | – | સમર્થ |
| ૪) | પ્રીત્યા | – | પ્રીતીને વશ થઈને |
| ૫) | કલિકા | – | મંજરી |
| ૬) | ભુવિ | – | જગતમાં |

**અથવા**

**પ્ર.: ૫ વાર્તાના આધારે નીચેના જવાબ લખો : ૧૫**

૧) જયઘોષ મુનિએ વેદ, યજ્ઞ, નક્ષત્ર અને ધર્મમાં કોને મુખ્ય ગણાવ્યા ? અને ઇન્દ્ર તથા દેવો ભગવાનને વંદન કોની જેમ કેવી રીતે કરે છે ?

**જ: ૧) જયઘોષ મુનિએ વેદોમાં મુખ્ય અગ્નિ હોત્રને, યજ્ઞમાં યજ્ઞાર્થીને નક્ષત્રોમાં ચંદ્રને, અને ધર્મમાં કાશ્યપ ગોત્રીય ભગવાન મહાવીર સ્વામિને મુખ્ય ગણાવ્યા છે. જેમ ઉત્તમ અને મનોહર ચંદ્રને ગ્રહ, નક્ષત્ર વગેરે હાથ જોડીને વંદન નમસ્કાર કરે છે. તે જ રીતે ઇન્દ્ર આદિ દેવો ભગવાનને વિનયવંત થઈને વંદના કરે છે.**

૨) બ્રાહ્મણના લક્ષણો કેટલાં છે ? કોઈ પણ ત્રણ લખો.

**જ: ૨) બ્રાહ્મણના લક્ષણો ૧૦ છે.**
**૧૦ લક્ષણો બુકમાં લખેલા છે.**

૩) વિજયઘોષને સત્યનું યથાર્થ સ્વરૂપ સમજાઈ જતાં તેણે જયઘોષ મુનિને શું કરીને ભિક્ષા ગ્રહણ કરવા કહ્યું ?

**જ: ૩) વિજયઘોષ ને સત્યનું યથાર્થ સ્વરૂપ સમજાઈ જતા તેણે જયઘોષ મુનિને કહ્યું હે મુનિવરા તમે બ્રાહ્મણત્વનું સત્ય સ્વરૂપ મને સારી રીતે સમજાવ્યુ છે. જે યજ્ઞમાં કર્મની આહુતિ દેવાય છે તેવા યથાર્થ ભાવયજ્ઞના કર્તા આપ છો જેના દ્વારા આત્મશુધ્ધિનું જ્ઞાન થાય તેવી સાચી વેદવિદ્યા ના જ્ઞાતા આપ છો જ્યોતિષી દેવોની ગતિના કારણે વ્યાવહારિક કાળગણના થાય અને તેના આધારે સ્વાધ્યાય કાળ – અકાળનો નિર્ણય થાય તેવા જ્યોતિષ અંગના જાણકાર આપ છો સંયમ અને તપરૂપી ધર્મના આપ પારાગામી છો આવા ગુણોના ધારક હોવાથી સ્વ અને પરનો ઉધ્ધાર કરવામાં આપ સમર્થ છો. આપ નિરાસક્તભાવે, નાના મોટાના ભેદભાવ વિના અજ્ઞાત કુળોમાંથી ભિક્ષા ગ્રહણ કરનાર હોવાથી શ્રેષ્ઠ ભિક્ષુ છો માટે આપ અમારી પાસેથી ભિક્ષા ગ્રહણ કરી અમારા ઉપર કૃપા કરો.**

૪) ભીનો અને સૂકો માટીનો ગોળો આપણને શું બોધ આપે છે ?

**જ: ૪) જે ભીનો ગોળો માટીનો છે તે ભીંતપર ચોટી જાય છે. અને સૂકો ગોળો ચોટતો નથી. આ જ રીતે દુર્બુધ્ધિવાળા અને કામભોગમાં આસક્ત મનુષ્ય વિષયોમાં ચોટી જાય છે અને કર્મોથી લેપાય છે. જ્યારે વિસ્કૃત સાધક સૂકા ગોળાન જેમ કર્મોથી લેપાતા નથી.**

૫) શું કરવાથી શ્રમણ, બ્રાહ્મણ, મુનિ અને તપસ્વી નથી બનાતું ? અને શું કરવાથી શ્રમણ, બ્રાહ્મણ, મુનિ અને તાપસ બનાય છે ? સમજાવો.

**જ: ૫) માત્ર માથુ મુંડાવાથી કોઈ શ્રમણ નથી થઈ જવુ. ૐ કારનો ધ્વનિ કરવાથી બ્રાહ્મણ નથી થઈ જતું. જંગલમાં રહેવાથી મુનિ બની જતું નથી અને વલ્કરના ઝાડની છાલના કપડાં પહેરવાથી કોઈ તપસ્વી બની જતું નથી. પરંતુ સમભાવ ધારણ કરવાથી શ્રમણ, બ્રહ્મચર્યના પાલનથી બ્રાહ્મણ, જ્ઞાન પ્રાપ્ત કરવાથી મુનિ અને તપ કરવાથી તાપસ બનાય છે.**

|| જય જિનેન્દ્ર ||